# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,

તા. ૨૦/૦૭/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ગુજરાત પ્રદેશના મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું હતું કે સામાન્ય કાર્યકર્તાથી રાજ્યપાલ સુધી અનેક જવાબદારી સંભાળેલા અને પાયાના નિષ્ઠાવાન કાર્યકર્તા શ્રી રામનાથ કોવિંદજી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. ભારતનાં સર્વોચ્ચ પદ ઉપર ભારતીય જનતા પાર્ટીના પાયાના કાર્યકર્તાઓ વડાપ્રધાન, લોકસભા સ્પીકર અને રાષ્ટ્રપતિ તરીકે આજે પસંદગી થઈ જેથી પૂરા ભારત દેશમાં ભારતીય જનતા પાર્ટી તથા એન.ડી.એ.નાં કાર્યકર્તાઓ હર્ષોલ્લાસ મનાવી ઉજવણી કરી રહ્યા છે. ભાજપનાં કાર્યકર્તાઓ માટે આનંદનો પર્વ છે.

સુરતના ધારાસભ્ય અને સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું કે આદરણીય શ્રી રામનાથ કોવિંદજી ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. તેઓ તન–મન અને ધનથી સેવા કરી ભારત વિશ્વમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે અને વિશ્વમાં ભારત મહાસત્તા તરીકે ઉભરી આવે અને "કાસ્ટ નહી રાષ્ટ્ર"ને સર્વોચ્ચ ગણીને દેશનો વિકાસ કરશે તેવી આશા વ્યક્ત કરી હતી અને લાખ લાખ અભિનંદન આપ્યા હતા.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

આજરોજ સાંજે ૫:૧૫ કલાકે સુરત મહાનગરના તમામ ૨૯ વોર્ડમાં અને સાંજે ૬ કલાકે "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે સુરત મહાનગરના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી એન.ડી.એ.નાં ઉમેદવાર આદરણીય શ્રી રામનાથ કોવિંદજી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મળેલ જીતને ઢોલ–નગારા સાથે, ફટાકડા ફોડીને અને એક–બીજાને મીઠાઈ ખવડાવીને મોઢું મીઠું કરી ઉજવણી કરી હતી.

આજના ઉજવણીના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, દંડક શ્રી અજયભાઈ ચોકસી, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સુરત મહાનગરના મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ, ગુજરાત પ્રદેશના કિસાન મોરચાના મહામંત્રી શ્રી ફલજીભાઈ ચૌધરી, સુરત મહાનગરના હોદ્દેદારશ્રીઓ, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા સહિત કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ, શહેરના દરેક મોરચાના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.